**શ્રી કે.જી.પટેલ, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,સુરત સમક્ષ.**

**પે.વે.અરજી નં. ૫૮/૨૦૨૪**

**આંક–૭**

**અરજદાર: સલામગીર નસરૂદીન અન્સારી**

રહે. રૂમ નં.૨૦, કાદીરભાઈના મકાનમાં, ભટલાઈ,
મોરા ટેકરા, સુરત–૩૯૪૫૧૦.
મુળ વતન–પેનુલામીસીર, પો.બથુઆ બજાર,
થાણા–કુલવરીયા, જી.ગોપાલગંજ, બિહાર–૮૪૧૪૨૫.
C/o, જનતા લેબર યુનિયન(જી–એસ/૭)
ઠે. ૩૦,પ્રભુનગર, દેવકીનંદન સ્કુલની સામે,
બમરોલી, સુરત–૩૯૪૨૧૦.

**વિરુધ્ધ**

**સામાવાળા : પ્રતિશ્રી/વ્યવસ્થાપકશ્રી/વહીવટકર્તા/કોન્ટ્રાકટરશ્રી,**
**રૂષિ હર્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.**

ઠે. રે.સ.નં.૧૩–પી, આર.જે.ડી. ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક,
પ્લોટ નં.એસ.આઈ.ટી.પી.૧–બી,
ઈચ્છાપોર ઈન્ડ, ઈચ્છાપોર, સુરત–૩૯૪૫૧૦.

**પ્રતિનિધિત્વ :**

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી સંતોષ પાણીગ્રાહી

સામાવાળા તરફે : વિ.વ.શ્રી એમ.બી.ખાખરીયા.

**વિષય: પગાર ચુકવણી ધારાની કલમ–૧૫(૨) મુજબની અરજી**

(૧) અરજદારે હાલની અરજી પગાર ધારાની કલમ–૧૫(૨) મુજબ કરી સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ રૂા.૧,૨૬,૪૦૦/– વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામનું રેકર્ડ જોતાં હાલની અરજી દાખલ થતા સામાવાળા વિરૂધ્ધ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાને બજી જતાં સામાવાળા તરફે આંક–૬ થી વિ.વ.શ્રીનું વકીલાતપત્ર રજુ થયેલ છે. તેમજ આ કામે આંક–૧ લગત હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક તા.૨૯/૦૭/૨૦૨૪ ના રોજ બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદથી સદર કામ અરજદારના પુરાવાના સ્ટેજ ચાલે છે. સદર કામના અરજદાર છેલ્લા ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેઓના કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. આજરોજ અરજદારનો વારંવાર પોકાર કરાવવા છતાં હાજર નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ કે રજૂઆત નથી. આમ, અરજદારને પુરાવો રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં અરજદારે આ કામે કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ અરજદારને સદર કામ આગળ ચલાવવામાં રસ હોય તેવું જણાતુ નથી. જેથી સદરહુ અરજી અરજદારની ગેરહાજરીના કારણે અને પુરાવાના અભાવે આગળ ચાલી શકે તેમ ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

**૧.** અરજદારની હાલની અરજી તેઓની ગેરહાજરીના કારણે તથા પુરાવાના નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૨૩ મી માહે–માર્ચ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285